## લીંબોદરાના આધેડનો દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ

કલોલ, તા. ૪

કલોલના લીંબોદરા ગામે રહેતા ૪૦ વર્ષીય ચાવડા દિલીપસિંહ તખતસિંહે ગઈકાલે સાંજના સુમારે પોતાના ખેતરમાં ઝેરી દવા પી લઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે અંગે જાણ થઈ જતા પરિવારજનોએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને સારવાર અર્થે ખસેડ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા આધેડની તબીયત હાલ સુધારા પર છે. જો કે આપઘાતના પ્રયાસનું કારણ હજૂ સુધી બહાર આવ્યુ નથી. કલોલ તાલુકા પોલીસે જાણવા જોગ અરજીને આધારે તે સંબંધીત તપાસ શરૂ કરી છે.

## કલોલના વખારીયા વાડીમાંથી યુવાન ગુમ

કલોલ, તા. ૪

કલોલના વખારીયા વાડી ગામના ટેકરા વિસ્તારમાં રહેતો ૩૧ વર્ષીય યુવાન પ્રજાપતિ સવજીભાઈ લક્ષ્મણભાઈ ગઈકાલે બપોરે ઘરેથી કોઈને કાંઈ રહ્યા વગર ચાલ્યા ગયા હતા.જેનો રાત-દિવસ શોધખોળ કર્યા બાદ પણ પત્તો લાગ્યો નથી. કલોલ શહેરે પોલીસે જાણવા જોગ અરજી લઈ ગુમ યુવાનની શોધખોળ માટે તજવીજ શરૂ કરી છે.

## યુવા પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનું ઉદાત્ત કાર્ય શિક્ષકોનું છે : રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૪

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું છે કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, મહાન શિક્ષક અને પ્રખર દાર્શનિક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ ૫મી સપ્ટેમ્બરને 'શિક્ષક દિવસ' તરીકે મનાવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં શિક્ષકોને 'ગુરૂ દેવો ભવઃ' કહ્યાં છે. તેમને દેવોની જેમ સન્માન આપવામાં આવ્યું છે. સમાજમાં શિક્ષકોને વિશેષ સ્થાન તથા આદર પ્રાપ્ત છે કારણ કે, તેઓ વિદ્યાર્થીઓને દેશના જવાબદાર નાગરિક બનાવે છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે, શિક્ષકોએ યુવા પેઢીમાં માનવીય મૂલ્યો અને રાષ્ટ્રપ્રેમની ભાવનાનું સિંચન કરીને તેમના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણનું ઉદાત્ત કાર્ય કરવાનું છે. શિક્ષકોનું સન્માન, રાષ્ટ્ર અને સમાજનું સન્માન છે.

# નારદીપુર ગામમાં કસુંબલ માતાના મંદિરમાં તસ્કરોનો હાથફેરો

## ચાંદીના આભુષણો તથા દાન-પેટીમાંથી રોકડની ચોરી

કલોલ, તા. ૪

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા નારદીપુર ગામના વધુ એક ઘરફોડ ચોરીનો કિસ્સો બનતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. નારદીપુર ગામમાં સ્થિત કસુંબલ માતાના મંદિરનું તાળુ તોડીને તસ્કરો ચાંદીના આભુષણો તથા દાનપેટીમાંથી રોકડ રૂ. ૧૫૦૦૦ મળીને કુલ રૂ. ૧૯ હજારની મત્તાની ઘરફોડ કરી પલાયન થઈ ગયા હતા. પુજારીની ફરીયાદને આધારે કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરીને પી.આઈ. પી.ઓ. ભટ્ટે વધુ તપાસ શરૂ કરી છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામમાં થોડા દિવસો અગાઉ જ તસ્કર ટોળકીઓએ ઓરડીઓને ટાર્ગેટ બનાવી એક ઓરડીમાંથી ચોરી કરી હતી જ્યારે અન્ય બે ઓરડીઓમાં ચોરીના પ્રયાસ કર્યા હતા.તે તપાસના કાગળો પોલીસે કર્યા તેની હજુ શાહી સુકાઈ નથી ત્યાં તો નારદીપુર ગામમાં જ વધુ એક ઘરફોડ ચોરીનો કિસ્સો બનવા પામ્યો છે. મળતી માહિતી મુજબ નારદીપુર ગામમાં સ્થિત વર્ષો જુનુ કસુંબલ માતાના મંદિરમાં બે દિવસ અગાઉ તસ્કરો મંદિરનું તાળુ તોડીને ઘુસ્યા હતા. અંદર પ્રવેશીને મંદિરમાં માતાજીની મુર્તિને ચઢાવેલા ચાંદીના આભુષણો, ચાંદીના નાના-મોટા ૭૦ નંગ છત્તર, ચાંદીનો લોટો, નાળીયેર, દ્વાર તથા બુટ્ટી, વાટકી, ડીશ, કડુ, પ્યાલો સહીતની ચાંદીની ચીજવસ્તુઓ મળીને રૂ. ૧૭,૫૦૦ની મત્તા તેમજ દાનપેટીમાંથી રૂ.૧૫૦૦ રોકડા મળીને કુલ રૂ. ૧૯ હજારની કિંમતની મત્તાની ઘરફોડ ચોરી કરીને તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. આ બનાવ અંગે ભીખાભાઈ મંગળદાસ નાયકની ફરીયાદને આધારે કલોલ તાલુકા પી.આઈ.એ ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.




છેલ્લા બે ત્રણ દિવસથી બાયડ તાલુકામાં અસહ્ય ગરમી અને બાફને લઈને પ્રજા ખુબ મુશ્કેલીમાં મુકાઈ હતી. પશુ-પક્ષીઓ પણ હેરાન-પરેશાન થઈ ગયા હતા. ત્યારે આજે સાજના સુમારે એકાએક ગાજવીજ વાવાઝોડા અને વીજળીના કડાકા સાથે સાંબેલાધાર વરસાદ તુટી પડયો હતો. ત્યારે આ વરસાદ પડવાને લઈને જગતનો તાત ખુશખુશાલ થઈ ગયો હતો. પ્રજાએ આ વરસાદ પડવાના કારણે હાશકારો અનુભવ્યો હતો. વરસાદ પડવાને કારણે રોડ ઉપર ઠેક-ઠેકાણે ખાડા પડી ગયા હતા, તો બીજી બાજુ બાયડની ગીરીરાજ અને વૃદાવન સોસાયટી અને લાખેશ્વરી વીસ્તારમાં પણ પાણી ભરાઈ ગયા હતા.

# કલોલના ચર્મકુંડને પાંજરાપોળથી હટાવી લેવા સ્થાનિકોની રજુઆત

## મહિલાઓએ રેલી કાઢી મામલતદારને આવેદન પાઠવ્યું

કલોલ, તા. ૪

કલોલના પાંજરાપોળની પાછળ સ્થિત ગામના ટેકરા વિસ્તારમાં ચર્મકુંડ હોવાથી વર્ષોથી મૃત પશુઓની ચીરફાડ કરીને ચામડા અને હાડકાનો ઢગલો કરીને મહિનાઓ સુધી સુકવવા મુકવામાં આવતું હોવાથી અત્યંત દુર્ગંધથી ત્રાસી ગયેલી સ્થાનિક મહિલાઓએ આ ચર્મકુંડ અન્ય સ્થળે ખસેડવાની માંગણી સાથે રેલી કાઢીને કલોલ મામલતદારને આવેદનપત્ર આપી જલદ કાર્યક્રમોનો તખ્તો તૈયાર કરે તે પહેલા યોગ્ય કાર્યવાહી કરવાની ચિમકી ઉચ્ચારી હતી.

ગાયના ટેકરા વિસ્તારના ચર્મકુંડમાં પશુઓની ચીરફાડ થતી હોવાથી સ્થાનિક રહેવાસીઓ ઉપરાંત રાહદારીઓ અસહ્ય દુર્ગંધનો સામનો વર્ષોથી કરી રહ્યા છે. તે ઉપરાંત નજીકમાં ધાર્મિક સ્થળો પણ આવેલા હોવાને પગલે ધાર્મિક લાગણી દુભાતી હોવાથી આ ચર્મકુંડને અન્ય સ્થળે જગ્યા ફાળવી ઉભી કરવા માટે અગાઉ અનેકવાર રજુઆતો કરાઈ હોવા છતા કોઈ નિર્ણય ન લેવામાં આવ્યો હોવાથી આજે સ્થાનિક મહિલાઓએ રેલી નિકાળીને કલોલ મામલતદાર સુધીરભાઈ પટેલને આવેદનપત્ર આપી ચર્મકુંડની અન્ય સ્થળે વ્યવસ્થા કરી દેવા રજુઆત કરી હતી.

# જિલ્લામાં એક જ દિવસે ચાર વિવિધ અકસ્માતોમાં ચારના મૃત્યુ

### કોબા પાસે કારની ટક્કરે વૃદ્ધનું મોત : પેથાપુર ખાતે જીપ ઝાડમાં ઘુસી જતા યુવાનને કાળ ભરખ્યો : પ્રભુપુરામાં ટ્રકની અડફેટે બાઈકચાલકનું મૃત્યુ : ચિલોડા સર્કલે અકસ્માતમાં બસ ડ્રાઈવરનું મોત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થવાના કિસ્સાઓમાં દિન પ્રતિદિન નોંધપાત્ર વધારો થતો જોવા મળી રહ્યો છે. આજે એક જ દિવસમાં ચિલોડા, કોબા, પેથાપુર અને પ્રભુપુરા ચાર ગ્રામ્ય વિસ્તારોમાં સર્જાયેલા વિવિધ માર્ગ અકસ્માતોમાં ચાર વ્યક્તિઓએ જીવ ગુમાવ્યાની ઘટનાઓ ઘટવા પામી છે. તમામ બનાવો સંદર્ભે જિલ્લા પોલીસે ગુના દાખલ કરી તપાસ આરંભી છે.

ગાંધીનગર જિલ્લામાં ચાર સ્થળોએ સર્જાયેલા અકસ્માતો પૈકી પ્રથમ કિસ્સામાં દહેગામ તાલુકાના લીહોરા ગામે રહેતો ૨૫ વર્ષીય યુવાન ભરતસિંહ બકોરસિંહ ઝાલા આજે બપોરે બાઈક લઈને પ્રભુપુરા ગામ પાસેથી પસાર થઈ રહ્યો હતો તે દરમ્યાન પુરઝડપે નિકળેલા ૪૦૭ ટ્રકના ચાલકે બાઈકને અડફેટે લઈ લેતા તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે ટ્રક ડ્રાઈવરે અકસ્માત બાદ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રક પણ પલ્ટી ખાઈને ઉંધા માથે થઈ ગઈ હતી. આ બનાવની તપાસ ડભોડા પોલીસે શરૂ કરી છે. બીજા કિસ્સામાં પેથાપુર-રાંધેજા માર્ગ પરથી પસાર થઈ રહેલી જીપ આજે મોડી સાંજે એક ગરનાળા પાસે ઝાડમાં ઘુસી જતા ૨૫ વર્ષના એક યુવાનનું બનાવ સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. આ બનાવ સંદર્ભે પેથાપુર પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર કોબા સર્કલ પાસે ત્રીજો માર્ગ અકસ્માતનો ગંભીર બનવા બનવા પામ્યો હતો. જેમાં સેટેલાઈટના ૬૪ વર્ષીય વૃદ્ધ સુશીલકુમાર રાઠી બાઈક લઈને કોબા પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન પાછળથી સડસડાટ નિકળેલી આઈ-૧૦ કારના ચાલકે બાઈકને અડફેટે લઈ લેતા વૃદ્ધનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે અડાલજ પોલીસ મથકના પી.એસ.આઈ. એસ.જી. વાઘેલાએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. અને ચોથા કિસ્સામાં રાત્રી દરમ્યાન ઈડર ખાતે રહેતા અને ગઢડા એસ.ટી.ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા યુવાન હરિસિંહ વિજયસિંહ રાજપૂત (ઉ.વ.૩૨) ચિલોડા સર્કલેથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન કોઈ અજાણ્યા વાહનના ચાલકે અડફેટે લઈ લેતા તેમનું સ્થળ પર પ્રાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. આ બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી પી.એસ.આઈ. એસ.આર. પટેલે વધુ તપાસ આરંભી છે. ચાર વિવિધ માર્ગ અકસ્માતોમાં ચાર વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. તમામના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા.

# દેલવાડ ગામે પશુ ચિકિત્સા મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયત પશુપાલન ખાતા અને રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં દેલવાડ ગામે પશુ ચિકિત્સા મેળો યોજવામાં આવ્યો હતો. પશુ ચિકિત્સા મેળામાં દેલવાડ ગામના ૩૦૦ થી પણ વધારે પશુઓના રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું.

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા પંચાયત પશુપાલન ખાતા તરફથી યોજાયેલા પશુ ચિકિત્સા મેળામાં ૩૦૦ થી પણ વધારે ઢોરોના રોગનું નિદાન અને સારવાર કરવામાં આવી હતી. રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના પ્રમુખ સમીર ત્રિવેદી, સેક્રેટરી મેહુલ મહેતા, નીતિન વાઘેલા તથા મ્યુ. કાઉન્સીલર દેવેન્દ્રસિંહ ચાવડા અને નંદન ઉપાધ્યાયે આ પ્રસંગે ખાસ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. દેલવાડ ગામમાં દરેક ખેડૂતોનો આયોજકોએ પુરો સહકાર મળ્યો હતો.

## ગાંધીનગરના મનોજ શુકલનું આજે ભાવનગરમાં પ્રવચન

ગાંધીનગર, તા. ૪

**શહેરના જાણીતા કાર્યકર અને વક્તા તથા દિવ્ય ભાસ્કર દૈનિકની 'કળશ' પૂર્તિના કોલમ લેખક શ્રી મનોજ શુકલનું એક પ્રવચન શિક્ષક દિન નિમિત્તે તા. ૫મી સપ્ટેમ્બરના રોજ(આજે) ભાવનગરની નંદકુંવરબા હાઈસ્કૂલ ખાતે બપોરે ૩.૩૦ કલાકે 'શિક્ષણ, શિક્ષક અને વિદ્યાર્થી આજના સંદર્ભમાં' એ વિષય પર યોજવામાં આવ્યું છે.**

## શબ્દાવલી - ૪૮૩૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | |
| | ■ | ૮ | | | ■ | ૯ | |
| ■ | ૧૦ | | | | ■ | ૧૧ | |
| ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | ■ |
| ૧૫ | ૧૬ | ■ | ■ | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | ૨૪ |

**આડી ચાવી**

- ૧. પરિણામ (૩)
- ૩. ઈચ્છા, આકાંક્ષા (૪)
- ૬. બાણ (૨)
- ૭. એક પક્ષી (૩)
- ૮. તુચ્છ, શુદ્ર (૩)
- ૯. દૂધનો માવો (હિન્દીમાં) (૨)
- ૧૦. 'ચોખવટ' શબ્દ ગોઠવો (૪)
- ૧૧. ભય, બીક (૨)
- ૧૩. બાણ (૨)
- ૧૪. કાચા ભાત (૨)
- ૧૫. દૂધ, મિલ્ક (૨)
- ૧૮. પરીક્ષા, કસોટી (૨)
- ૧૯. આંખની પૂતળી (૨)
- ૨૦. પરિચય (૪)
- ૨૨. વિમાનની દોડપટ્ટી (૩)
- ૨૩. એક છોડ કે તેના રેશા (૨)
- ૨૪. જનની (૧)

**ઊભી ચાવી**

- ૧. અંતનું, છેલ્લું (૩)
- ૨. જુવાર (૨)
- ૩. અભ્રક (૪)
- ૪. બરોબર જામેલું, ભરપૂર (૨)
- ૫. આઈશ્રી..., ચારણ કૂળની જોગણીમાં (૪)
- ૭. કામ કરવાની દાનત ના હોય તેવું (૪)
- ૮. રસીદ (૩)
- ૯. શારીરિક ખોડ (૫)
- ૧૨. છીંકણી, બજર (૪)
- ૧૬. વિશ્વાસ, શ્રધ્ધા (૩)
- ૧૭. લોટા આકારનું પાત્ર (૩)
- ૨૧. કોલસા - ખનીજ વગેરેની... હોય છે (૨)

### શબ્દાવલી ૪૮૩૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) મજહબ (૪) ધગશ (૬) જુજ (૭) ડાફેરા (૯) વાઈસર (૧૨) અસવાર (૧૪) વસુલ (૧૫) ચલમ (૧૬) તોખાર (૧૭) કુખ (૧૯) રવાના (૨૧) ક્ષીણ (૨૨) રત

**ઊભી ચાવી :-** (૧) મજુર (૨) જજ (૩) બડાઈખોર (૪) ધરાર (૫) શપથ (૮) ફેંસ (૧૦) હાંસલ (૧૧) કસૂરવાર (૧૨) અચરજ (૧૩) વામકુક્ષી (૧૪) વખાર (૧૮) ખણ (૨૦) નાત

## દાઝી ગયેલ વૃદ્ધનું સારવાર દરમિયાન મોત

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના વીરપુર ગામના રહેવાસી ૫૯ વર્ષીય કાનજીભાઈ વિરજીભાઈ બરંડા પોતાના ઘરે કોઈ કારણોસર શરીરે દાઝી ગયેલ જેમને ચોરીવાડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર કરાવી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવેલ જ્યાં સારવાર દરમિયાન મંગળવારના રોજ વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે મોત નીપજતા સિવિલના ડોક્ટર રીટા સિન્હાએ હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## વણથંભી વિકાસયાત્રા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યક્રમો માટે લાયઝન અધિકારીઓની નિમણુંક કરી દેવામાં આવી છે અને જે તે ગામના કાર્યક્રમ અંગે તે અધિકારીને જવાબદારી પણ સુપ્રત કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં થયેલા વિકાસના કામોની વિગતો પણ આ યાત્રા દરમિયાન આપવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે અને આ માટે દરેક વિભાગને થયેલા કામોની વિગતો સહિતની નોંધ પણ તૈયાર કરી દેવા માટે ખાસ તાકીદ કરવામાં આવી છે.

ખાસ કરીને ૧૩મા નાણાં પંચના કામો જે હાથ ધરવામાં આવનાર છે તે તેમજ જિલ્લા આયોજન મંડળે જે કામો મંજૂર કર્યા છે અને ધારાસભ્યોએ સૂચવેલા વિકાસ કામો જે પૂર્ણ થયા હોય તેની વિગતો સાથે જિલ્લાના સર્વાંગી વિકાસનું ચિત્ર ઉભું આ યાત્રા દરમિયાન કરવામાં આવશે.

## લેપટોપ આપશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે, મુખ્યમંત્રી આજે જે આરોગ્યવિષયક જાહેરાત કરી રહ્યા છે તે મૂળ કોંગ્રેસનો એજન્ડા છે. ભાજપ ૧૨ વર્ષથી શાસન કરે છે ચૂંટણી ટાણે જ હવે પ્રજાની ચિંતા થવા લાગી છે. ભાજપના શાસનમાં શિક્ષણ કથળી ગયું છે. આઈટી ક્ષેત્રે ગુજરાત એકથી દસમા ક્રમમાં પણ નથી. કોંગ્રેસ સત્તા પર આવશે તો આઈટી મેન પાવર ઊભો કરશે. ભાજપ સરકારે શિક્ષણ અને આરોગ્યનું વ્યાપારીકરણ કર્યું છે. શાળાઓમાં ડ્રોપ આઉટ રેસિયો વધ્યો છે.

## શિક્ષણ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દોઢેક વર્ષથી સેકટર-૮-૧ શાળામાં આચાર્ય પદે નિમણુંક પામેલા પ્રકાશભાઈ પટેલ વિદ્યાર્થીઓમાં ખૂબ જ લોકપ્રિય છે. તેમની શાળામાં ધોરણ-૧ થી ૮માં ૨૦૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ દરેક બાળકના વાલીના ફોન નંબર તેણે લઈ રાખ્યા છે. જો કોઈ બાળક ગેરહાજર હોય તો તેઓ તે બાળકના વાલીને ફોન કરી તેની જાણ કરે છે. તેમના આ પ્રયત્નથી શાળાની હાજરી તો સો ટકા થઈ જ છે. સાથે સાથે તેઓ વાલીઓનો વિશ્વાસ પણ સંપાદન કરી શક્યા છે. શ્રમજીવી પરીવારમાંથી આવતા આ બાળકો હવે ધીમે ધીમે શિક્ષણમાં રસ લેતા થયા છે. શિક્ષણની સાથે જ શાળામાં નિયમિત રીતે યોગ કલાસ, વૃક્ષારોપણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ દિનોની ઉજવણી, રમતગમતની સ્પર્ધાઓનું આયોજન થાય છે. શિક્ષણમાં સારો દેખાવ કરનાર વિદ્યાર્થીનું સન્માન તો કરાય છે. પરંતુ ઈતર પ્રવૃતિઓમાં સારો દેખાવ કરનાર અન્ય વિદ્યાર્થીઓને કોઈપણ સ્વરૂપે મદદ કરનાર અને પર્યાવરણ ક્ષેત્રે સારી કામગીરી કરનાર બાળકનું સન્માન કરી પ્રકાશભી અવારનવાર બાળકોને બિરદાવતા રહે છે. પ્રકાશભાઈ કહે છે તે દરેક બાળકમાં કોઈને કોઈ સારી વાત હોય છે. કોઈ બાળક ભણવામાં સારો હોય તો કોઈ રમતગમતમાં તેમને બિરદાવવાથી તેઓ શાળાની દરેક પ્રવૃત્તિમાં રસ લેતા થાય છે. અને તેમનો સર્વાંગી વિકાસ શક્ય બને છે.

અનેક મર્યાદાઓ છતાં તેઓએ આ શાળામાં સુંદર વાતાવરણ પેદા કર્યું છે. વાલીઓ અને વિદ્યાર્થીઓમાં તેમણે પેદા કરેલો વિશ્વાસ શાળાને એક દિવસ ચોક્કસ સૌથી આગળ લઈ જશે તેવો તેમને વિશ્વાસ છે.

## પડતર પ્રશ્નો ઉકેલવા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કાઉન્સીલરોએ જણાવ્યુ છે કે અમે આવેદન-પત્રમાં આ યાદી બનાવવા ઉપરાંત બોરડીના કંપા તરીકે ઓળખાતા રાજભવન સ્ટાફ ક્વાટર્સની પાછળ પાણીની પાઈપલાઈન નાખવા માટે કરેલી વારંવારની રજુઆત પછી પણ તંત્રએ દાખવેલી ઉદાસીનતાને લઈ પણ રજુઆત કરનાર છીએ.

શ્રી બિહોલા અને શ્રી મકવાણાએ જણાવ્યું હતું કે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ગટરનું કામ અધૂરૂ છોડી દેવાયુ છે અને તેને લઈ ગ્રામ્ય વિસ્તાર ગંદકીમાં ગરકાવ થતાં રોગચાળાની સ્થિતિ જેવુ વાતાવરણ પેદા થયું છે.

અસરગ્રસ્તોના પ્રશ્નો માટે સતત ઉદાસીન વલણ દાખવવામાં આવી રહ્યાનો આક્ષેપ આ કાઉન્સીલરોએ કરતાં જણાવ્યું છે કે આ પ્રશ્નો અંગે જરૂર પડ્યે અમે આંદોલનનો માર્ગ પણ અપનાવીશુ.

## ફલક વિસ્તારતું ગુજરાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવજાત શિશુને હોસ્પિટલથી ઘેર લઇ જવા સ્વાસ્થ્ય રક્ષાની સંભાળ સાથે ખિલખિલાટ જન્મોત્સવ વાહનની સુવિધા ●ગુજરાત સ્ટેટ મેડિકલ સર્વિસ કોર્પોરેશનની આરોગ્ય સેવાઓના સુચારૂં વ્યવસ્થાપનનો પ્રારંભ આજથી થયો હતો. આ ઉપરાંત ૧૦૮ ઈમરજન્સી જીવનરક્ષા એમ્બ્યુલંસ સેવાના યશસ્વી પાંચ વર્ષની પ્રગતિયાત્રાના અવસરે નવી ૧૦૮-એમ્બ્યુલંસ વાહનોને મુખ્યમંત્રીશ્રીએ પ્રસ્થાન કરાવ્યું હતું.

દરિદ્રનારાયણ દર્દીઓને માં આરોગ્ય કાર્ડનું વિતરણ કરીને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૦૮-એમ્બ્યુલન્સ જીવનરક્ષા સેવાના ઉત્તમ સારથીઓ અને સહકર્મીઓને જીવનરક્ષક એવોર્ડ પણ એનાયત કર્યા હતા.

આરોગ્યમંત્રીશ્રી જયનારાયણ વ્યાસે એક સાથે ચાર આરોગ્ય સુવિધાકારી યોજનાઓના આરંભને ગુજરાતની વંચિત પ્રજાની સેવામાં સમર્પિત થવાનો આનંદ વ્યકત કર્યો હતો.

આરોગ્ય મંત્રીશ્રીએ પંચવર્ષીય યોજનાઓના હાર્દમાં ગરીબ-વંચિત અને છેવાડાના માનવીનો વિકાસ રહેલો હોવા છતાં અગાઉની સરકારોની ઉપેક્ષાને કારણે ગરીબી અને નિરક્ષરતા વધતા રહ્યા તેની માર્મિક ટકોર સાથે ગુજરાતે માં આરોગ્ય સેવાઓના ફલકને વિસ્તારવા આ રાજ્ય સરકારે ત્રણ ગણું બજેટ ફાળવ્યું છે તેની રૂપરેખા આપી હતી.

## મહિલા સિવણ તાલીમ વર્ગ પ્રવેશ ૧૫મી સુધી મળશે

ગાંધીનગર, તા. ૪

કુટીર ઉદ્યોગ તાલીમ કેન્દ્ર ગાંધીનગર સે..-૧૩ ગાંધીનગરમાં મહિલા શિવણ તાલીમ વર્ગ ચાલે છે. જેમાં ઓગસ્ટ થી જુલાઈ ૧ વર્ષનો અભ્યાસક્રમ છે. ધોરણ-૮ પાસ હોવા જરૂરી છે. ૧૪થી ૩૦ વર્ષની ઉંમર વાળી મહિલાઓને કોઈપણ પ્રકારની ફી વિના પ્રવેશ મળશે. ૮૦ ટકા હાજરી થયે માસિક શિષ્યવૃતિ મળશે. તાલીમાર્થીને વિનામૂલ્યે શીવણ મશીન આપવામાં આવશે. ગ્રામવિસ્તારની મહિલા તાલીમાર્થીઓને એસ.ટી. પાસની સુવિધા મળે છે. તો ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં પ્રવેશ મેળવી લેવા જણાવેલ છે.

## કંપની સમાચાર

### સિમ્સે આધુનિક ટેકનોલોજીથી સફળતાપૂર્વક કરોટિડપ્લાસ્ટી કરનારી ગુજરાતની સૌપ્રથમ હોસ્પિટલ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું

ગુજરાતના એક અગ્રણી હેલ્થકેર સર્વિસ પ્રોવાઈડર તરીકે પોતાનું સ્થાન પ્રસ્થાપિત કરી ચુકેલા કેર ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (સિમ્સ) કરોટિડપ્લાસ્ટી સર્જરી કરવા માટે સફળતાપૂર્વક પ્રોક્સિમલ એમ્બોલિક પ્રોટેકશન ડિવાઈસનો ઉપયોગ કરનારી ગુજરાતની સૌ પ્રથમ હોસ્પિટલ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સર્જરી જેના પર કરવામાં આવી હતી તે દર્દી પાંચ વર્ષથી ચક્કર આવવાની બિમારીથી પીડાતો હતો અને આ દર્દથી મુક્ત થવા માટે તેણે સિમ્સની મુલાકાત લીધી હતી. દર્દીને સ્ટ્રોકનો એટેક આવે એવો ભય પણ હતો. આ દર્દીની સંપૂર્ણ તપાસ કર્યા પછી ડૉકટરોએ ખૂબ જ ઝડપથી આ દર્દીની કરોટિડ આર્ટરિમાં ક્રિટિકલ બ્લોક્સ શોધી કાઢ્યા હતા. હકીકતમાં કરોટિડ (કંઠરોહિણી) માંથી બ્લોકને દુર કરવા માટે આધુનિક સારવાર આપવામાં સિમ્સના ડૉ. કેયુર પરીખની ખાસ નિપુણતાને ધ્યાનમાં રાખીને તેમના માર્ગદર્શન હેઠળ ઓપરેશન કરાવવા માટે આ દર્દી ખાસ દુબઈથી અમદાવાદ આવ્યો હતો. દર્દીની સાથે અમેરિકાથી ખાસ આ ઓપરેશન કરવા માટે ડૉ. અસિક જૈન પણ અમદાવાદ આવ્યા હતા. સિમ્સે ખાતેની ડૉકટરોની ટીમે એમઓ એમએ અલ્ટ્ર નામની એક ખાસ પ્રોક્સિમલ એમ્બોલિક પ્રોટેકશન ડિવાઈસનો ઉપયોગ કરીને આ સર્જરિ સફળતાપૂર્વક હાથ ધરી હતી. આ ડિવાઈસને કારણે સામાન્ય રીતે ખૂબ જ ગંભીર ગણાતાં આ ઓપરેશનમાં દર્દીની સંપૂર્ણ સલામતીની ખાતરી મળે છે.

### યુનિનોરના ગ્રાહકોએ ગુજરાતમાં એક માસમાં રૂા.૧૨ કરોડની બચત કરી

ગુજરાતના યુનિનોર મોબાઈલ ફોનના ઉપયોગકર્તાઓ દર માસે રૂા.૧૨ કરોડની બચત કરે છે. શહેરમાં સૌથી પોસાય તેવા પ્લાન, રીચાર્જથી વધુ બેલેન્સ, ૨૫ પૈસાના દરે અનલિમિટેડ એસટીડી, ૨ પૈસા પ્રતિ ૧ મિનિટના દરે લોકલ યુનિનોર કોલ વગેરે... પ્રોડકસ સાથે ગુજરાતના યુનિનોરના ગ્રાહકો બીજા ઓપરેટરના પ્રમાણમાં દર માટે રૂા. ૧૨ કરોડ બચાવે છે. યુનિનોરમાં જોડાઈ રાજયના બધા મોબાઈલ ઉપયોગકર્તાઓ દર માસે રૂા. ૧૬૧ કરોડની ખૂબ મોટી બચત કરી શકે છે.

અમને સૌથી વ્યાજબી હોવાનો ગર્વ છે. ગુજરાતમાં સૌથી ઓછા દરે યુનિનોરથી યુનિનોર મોબાઈલ ફોન થાય છે. આજ કારણે ગુજરાતમાં દરરોજ ૧૪૦૦૦ ગ્રાહકો યુનિનોરની પસંદગી કરી રહ્યા છે. હું અહીંયા અમદાવાદમાં છું અને આજે દરેકને આ સ્માર્ટ પસંદગી કરવા માટે આમંત્રિત કરું છું. કારણ કે બચતએ સૌનો હક્ક છે. તેમ યુનિનોરના મેનેજીંગ ડિરેકટર શ્રી સીગ્વે બ્રેકે કહ્યું.

યુનિનોર ગુજરાત સર્કલના બિઝનેસ હેડ શ્રી જીનેશ હેગડે એ કહ્યું 'ગ્રાહકને વધુ ફાયદો આપવા માટે અમે રોકિંગ રવિવાર રજૂ કર્યું અને હવે તેના લાભો આગળ વધારીને દરરોજ બહોળી રીતે ઉપલબ્ધ કરાવવા અને અનલિમિટેડ લોકલ યુનિનોર કોલની પ્રસ્તુતિ માત્ર રૂા. ૫૮ ૫ર માસના દરે કરી છે, જે ગૃપ કોલિંગ માટે પણ આદર્શ વિકલ્પ છે.'